જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૯/૨૦૧૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૬૦૯/૧૬

## મધ્યપ્રદેશ સ્ટેટમાં ખુન કરી સને-૨૦૦૮ થી નાશતા ફરતા ત્રણ ડકેતો ને પકડી પાડતી સાયબર સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

(પકડાયેલ ઇસમો ઉપર મધ્યપ્રદેશ સરકારે ઇનામ પણ જાહેર કરેલ છે)

સંયુકત પોલીસ કમિશનરશ્રી જે.કે.ભટ્ટ સા, તથા નાયબ પોલીસ કમિશનરશ્રી, દીપન ભદ્રન સા. ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તેમજ મદદનીશ પોલીસ કમિશનરશ્રી, સાયબર ક્રાઇમ સેલ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પો.ઇ.શ્રી વી.કે.ખાંટ નાઓ તેઓની ટીમના પો.સ.ઇ. બી.એચ.કોરોટ નાઓ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન પોકો અજયકુમાર રામચંદ્ર તથા પોકો અમીતકુમાર મહેશકુમાર નાઓને ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, સને – ૨૦૦૮ ની સાલમાં મધ્યપ્રદેશ ના ભીંડ જીલ્લાના નયાગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મર્ડરના ગુનાના વૉન્ટેડ આરોપીઓ (૧) જોરસિંગ ઉર્ફે માનસિંગ S/O રામદાસ કુશ્વાહ ઉ.વ.૪૨ રહે, હાલ મ.નં-૯૩૨ મહેશ્વરી તક્ષશીલા સ્કુલની બાજુમાં આબુભાઇ રબારીના મકાનમાં ઓઢવ અમદાવાદ મુળ વતન કકહરા તાલુકો- મેગાંવ જીલ્લો- ભીંડ મધ્યપ્રદેશ (૨) યોગેન્દ્ર ઉર્ફે દેવેન્દ્રસિંગ સ/ઓ ભુરેસિંગ કુશ્વાહ (રાજાવત) ઉ.વ.૩૨ રહે, હાલ નવલખા બંગલા અમદાવાદ મુળ વતન કકહરા તાલુકો- મેગાંવ જીલ્લો- ભીંડ મધ્યપ્રદેશ (૩) ચતુરસિંહ ઉર્ફે બંબુ રામદાસ કુશ્વાહ ઉવ.૪૫ રહે.સદર નાને તક્ષશીલા સ્કુલની સામે જાહેર રોડ ઉપર ઓઢવ તેમજ બાપુનગર ખાતેથી પકડી પાડેલ અને તેઓની વધુ પુછપરછ કરતાં પકડાયેલ ઇસમોએ ભેગાં મળી અંદરો અંદરની અદાવતમાં તેઓના વતનમાં રમેશસિંહ કુશ્વાહનુ મોંત નિપજાવેલ અને તેની લાશને જંગલમાં નાંખી દિધેલ અને પોલીસ પોતાને પકડે નહી તે સારૂ ઇસમો ગુજરાત આવી ગયેલ અને થોડો સમય અમદાવાદમાં અને થોડો સમય સુરતમાં રહેતાં હતાં અને પોલીસથી છુપાતા રહેતાં હતાં અને આજરોજ પકડાયેલ ઇસમો અમદાવાદ થી પકડાઇ ગયેલ છે અને સદરી આરોપીઓ વિરુદ્ધ મધ્યપ્રદેશ નયાગાવ થાના ફ.ગુ.ર.નં.૨૫/૨૦૦૮ ધી.ઇ.પી.કો.કલમ ૩૦૨,૨૦૧,૧૨૦બી મુજબ દાખલ થયેલ અને પકડાયેલ ઇસમો માથાભારે અને જનુની હોય સદરી ઇસમો બાબતે તપાસ કરતાં સદરી પકડાયેલ ઇસમ વિરુદ્ધ સરકારી કર્મચારી પર હુમલો કરવાનો તેમજ મારામારી કરી ધમકી આપવાના ગુનાઓ તથા અન્ય ઘણા ગુનાઓ મધ્યપ્રદેશમાં દાખલ થયેલ હોય અને ગુનો કર્યા બાદ આરોપીઓ પકડાતા નહોય સરકારે આ લોકોને પકડવા માટે આરોપી દિઠ રૂ.૧૦૦૦૦/- ઇનામની પણ જાહેરાત કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

જેથી આ પકડાયેલ ઇસમો મધ્યપ્રદેશના વતની હોય અને મધ્યપ્રદેશના ગુનામાં વૉન્ટેડ હોય આ ગુનાની વધુ તપાસ અર્થે આરોપીઓનો કબ્જો મધ્યપ્રદેશ પોલીસને સોંપવા તજવીજ કરેલ છે.

- પકડાયેલ આરોપીઓના પરીવાર અને સામાવાળાઓ ભીંડ (ચંબલ) માં ડકેતો હતા અને અલગ અલગ ગેંગો ચલાવતા હતા.
- આ લોકો મોટી ગેંગ ધરાવતાં હોય અને પોતે ડાકુ, લુટેરા હોય આમ પબ્લીક તેઓથી ડરતી હતી તેમજ ભુતકાળમાં પોલીસ આ લોકોને પકડવા જતાં પોલીસ પર પણ તેઓએ હુમલાઓ કરેલ છે અને જે અનુસંધાને તેમના વતન મધ્યપ્રદેશ ખાતે ગુન્હાઓ દાખલ થયેલ છે.
- પકડાયેલ આરોપીના પિતા એટલે કે તેઓની ગેંગના મુખીયાનુ મરણ જનારની ગંગ વાળાઓએ અગાઉ મર્ડર કરેલ તેની અદાવત હતી. જેથી પકડાયેલ આરોપીઓએ સામેવાળી ગેગના સભ્યનુ મર્ડર કરેલ હતુ.
- બંન્ને પક્ષો ચંબલમાં રહી બહારવટીયા (ડકેત) તરીકે રહેતાં હતાં અને એકબીજા પર હુમલાઓ, લુંટો કરતાં હતાં ને બાબતે અમાને સામને ફાયરીંગ થતાં ઇજાઓ પણ થયેલ હતી. જેમાં પકડાયેલ ઇસમોને પગે તથા હાથે ગોળીઓ વાગવાથી નિશાન પડી ગયેલ દેખાય છે.
- મરણ જનારની લાશ મધ્યપ્રદેશના બીહડોમાંથી મળી આવતાં ગુનો રજીસ્ટર્ડ થયેલ હતો.
- આરોપીઓ ઘણા માથાભારે અને જુથબળ ધરાવતાં હોય અને પોલીસના હાથે પકડાતા ન હોય સરકારે આ આરોપીઓને પકડવા માટે ઇનામની પણ જાહેરાત કરેલ છે.
- આ પકડાયેલ આરોપીઓ પોલીસમાં પકડાયા ત્યારે પોલીસે આ આરોપીઓના ફોટા બતાવી ઓળખ કરાવવા તેમના ગામમાં જતાં ગામના લોકો તેમનાથી એટલા ભયભીત હતા કે કોઇ પણ ગામનો રહેવાસી આ લોકોનો ફોટો ઓળખી બતાવવા તૈયાર થયેલ નહી.
- પકડાયેલ આરોપીઓનો ગામમાં એટલો બધો ત્રાસ હતો કે કેટલાક લોકો તો ગામ છોડી બીજે રહેવા જતા રહેલ છે.

<u>(૨)</u>

## <u>પોતે કલાકાર હોઇ કલાની આડમાં હથિયાર લઇ ફરતા ઇસમને રીવૉલ્વર તથા કારતુસ સાથે પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ, અમદાવાદ શહેર</u>

સંયુકત પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તેમજ મદદનીશ પોલીસ કમિશનરશ્રી, સાયબર ક્રાઇમ સેલ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પો.ઇ.શ્રી વી.કે.ખાંટ નાઓ તેઓની ટીમના પો.સ.ઇ.શ્રી બી.એચ.કોરોટ સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન બાબુભાઇ વિરસંગભાઇ તથા પોકો હર્ષદભાઇ રામાભાઇ નાઓને ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, એક ઇસમ નામે દિપક હરીશભાઇ બ્રહ્મભટ્ટ પોતાના કબ્જાના સફેદ કલરના એક્સેસ સ્કુટરની ડેકીમાં રીવોલ્વર તથા કારતુસ રાખી પસાર થનાર છે જે વિગેરે મુજબની બાતમી હકિકત આધારે પો.ઇન્સ.શ્રી ખાંટ સાહેબ તથા પો.સ.ઇ. બી.એચ.કોરોટ નાઓએ વ્યુહાત્મક આયોજન કરી બાતમીમાં જણાવેલ ઇસમને તેની એક્સેસ સાથે પકડી લીધેલ અને તેની પાસેની એક્સેસની ડેકી ખોલાવી જોતાં જેમાં એક રીવૉલ્વર તથા બે જીવતા કારતુસ એક રેક્ઝીનના પાઉચમાં સંતાડી રાખેલ મળી આવેલ જેથી સદરી મળી આવેલ હથિયાર બાબતે પકડાયેલ ઇસમની સઘન પુછપરછ કરતાં જાણવા મળેલ કે પોતે અમદાવાદ શહેર, ગુજરાત



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

તેમજ ભારત તેમજ વિદેશમાં લંડન, દુબઇ, કેનેડા, યુ.એસ.એ. જેવા દેશોમાં પોતે અનેક સંગીતના શૉ કરેલ છે અને પોતાને આ હથિયાર કેમ લાવેલ છે તે બાબતે પુછતાં કોઇ સંતોષકારક જવાબ આપતો નથી. અને સદરી ઇસમ વગર લાયસંન્સે રીવૉલ્વર તથા જીવતા કારતુસ નંગ – ૨ સાથે મળી આવેલ હોય પકડાયેલ ઇસમ આ હથિયારોનુ શુ અને ક્યાં ઉપયોગ કરવાનો હતો અને ક્યાંથી કેવી રીતે આ હથિયારો મેળવેલ છે તે બાબતે તપાસ કરવા સારૂ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે જેની વધુ તપાસ પો.સ.ઇ.શ્રી બી.એચ.કોરોટ નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)